ગાંધીનગર સમાચાર

# ભાજપ પક્ષના પૂર્વ નેતા મનુભાઈ પટેલની પ્રખર દાવેદારી

## કોંગ્રેસના પ્રદેશ કક્ષાના નેતાઓ ડૉ. હિમાંશુ પટેલ અને ડૉ. સી. જે. ચાવડાને મેદાનમાં ઉતારવાની ચર્ચાઓ પણ ગુપ્ત રીતે ચાલે છે

### મહાનગરનો મહાસંગ્રામ

- સંજય દૃષ્ટિ

### ભાજપમાં પણ દાવેદારોની દોડધામ

વોર્ડ નં. ૮ એટલે જુનો વોર્ડ. નં. ૧૧ના નજીવા ફેરફાર સાથેનો વોર્ડ. સેક્ટર-૧, ૨, ૩, એ ન્યુ, સેક્ટર-૪ અને ઈન્ફોસીટીના બનેલા વોર્ડ નં. ૮માં ૨૪૦૯૯ મતદારો છે. જેમાં ૧૨૧૨૯ પુરૂષ મતદારો અને ૧૧૯૭૦ મહિલા મતદારો છે. હાલ આ જુના વોર્ડ નં. ૧૧નું પ્રતિનિધિત્વ સર્વશ્રી મનુભાઈ પટેલ, શ્રી આશિષભાઈ દવે અને શ્રીમતી રમીલાબેન પરમાર પ્રતિનિધિત્વ કરતા હતા. નવા સીમાંકન મુજબ વોર્ડ નં. ૮માં એક બિન અનામત વર્ગમાંથી પુરૂષ અને એક મહિલા. જ્યારે અનુસૂચિત જાતિમાંથી એક પુરૂષ અને અનુસૂચિત જનજાતિમાંથી એક મહિલા પ્રતિનિધિત્વ કરશે.

વર્તમાન કોર્પોરેટર સ્ટેન્ડિંગ કમિટીના પૂર્વ ચેરમેન અને ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળના ચેરમેન શ્રી આશિષ દવેએ ચૂંટણી નહી લડવાની ઈચ્છા વ્યક્ત કરી છે. જ્યારે મહિલા બેઠકમાં અનુસૂચિત જનજાતિ વર્ગ માટે ફાળવણી થતાં રમીલાબેન પરમાર પણ ચૂંટણી નહી લડે તેવી ચર્ચા ચાલે છે. અન્ય ત્રીજા અગ્રણી કોર્પોરેટર મનપામાં વિપક્ષ અને શાસક પક્ષના નેતા પદને શોભાવનાર નાગરિક બેન્કના મેનેજીંગ ડિરેક્ટર શ્રી મનુભાઈ પટેલ આ વોર્ડની બેઠક માટે પ્રખર દાવેદાર છે. આ ઉપરાંત ભાજપ યુવા મોરચાના અગ્રણી શ્રી સત્યદિપસિંહ પરમારની દાવેદારી પણ અગ્ર હરોળમાં છે. સેક્ટર-૪ના સામાજીક અગ્રણી અને વોર્ડ નં. ૮ની સમિતિના ઉપપ્રમુખ ભરતભાઈ નારણભાઈ પટેલ પણ વિશ્વાસપૂર્વક દાવો કરી રહ્યા છે. સેક્ટર-૪ વસાહત મંડળના અગ્રણીશ્રી આર.આર. પરમાર ભાજપના કર્મઠ કાર્યકર મુકેશભાઈ જાની, શહેર ભાજપના પૂર્વ ઉપ પ્રમુખ અને જાણીતા તબીબ ડૉ. રાજેશ શાહ દાવેદારીમાં મોખરે છે. અનામત વર્ગની અનુસૂચિત જાતિની બેઠક માટે શ્રી નરેશભાઈ પરમારની પ્રખર દાવેદારી છે. આ ઉપરાંત પૂર્વ સાંસદ રતિલાલ પરમારના પરિવારમાંથી ઉમેદવારીની ચર્ચાઓ પણ પક્ષના વર્તુળોમાં ચાલે છે. અનુસૂચિત જાતી અનામત મહિલા બેઠક માટે ઉમેદવારની શોધ અંતરંગ રીતે ચાલી રહી છે. જો કે કોઈના નામ હજી ઉપસ્યા નથી.

કોંગ્રેસ પક્ષમાં પણ દાવેદારોની સંખ્યા નોંધપાત્ર છે. શહેર કોંગ્રેસના પૂર્વ પ્રમુખશ્રી મુકેશભાઈ પટેલનું નામ જોરશોરથી ચાલે છે. આ ઉપરાંત કોંગ્રેસના અગ્રણી કાર્યકરો શ્રી જીતુભાઈ ચૌધરી, શ્રી સંજય પટેલ અને શ્રી સર્જીત નાણાવટીના નામો ચર્ચામાં અગ્ર હરોળે છે. સે. ૪ના પીઢ સામાજીક આગેવાન અને દૂધ મંડળીના ડિરેક્ટર શ્રી તેજાભાઈ દેસાઈનું નામ પણ કોંગ્રેસી વર્તુળોમાં ગાજે છે. જાણીતા સામાજીક કાર્યકર કનુભાઈ પ્રજાપતિ દાવેદારીમાં હારોહાર છે. આ ઉપરાંત અનામત વર્ગની મહિલા બેઠક માટે નયનાબેન પાંડોર અને અનુસૂચિત જાતિની અનામત પુરૂષ બેઠકમંથી જીજ્ઞેશભાઈ મકવાણા અને કનુભાઈ પરમારના નામો વિશ્વાસપૂર્વક ચાલે છે.

વોર્ડ નં. ૮માં કોંગ્રેસ પક્ષમાં મોટા માથાને ચૂંટણીમાં ઉતારવાની વાતો પણ છુપી છુપી રીતે ચાલી રહી છે. પ્રદેશ નેતાગીરીના નિર્ણય પર આધારિત ચર્ચાઓમાં કોંગ્રેસ સરપ્રાઈઝ પણ સર્જે તેવી દહેશત છે. પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા અને ગાંધીનગર નાગરીક બેંકના ચેરમેન ડૉ. હિમાંશુભાઈ પટેલનું નામ જોરશોરથી ગાજે છે. સાથોસાથ પૂર્વ ધારાસભ્ય અને પ્રદેશ કોંગ્રેસના અગ્રણી ડૉ. સી.જે. ચાવડાને પણ મેદાનમાં ઉતારવાની વિચારણા ઉચ્ચસ્તરીય રીતે ચાલતી હોવાનું ચર્ચાય છે.

### હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




મને યાદ છે ત્યાં સુધી 'નોર્મલ બાબા'એ... પાણીપુરી ધરાવવાની ન હતી કહી... આપણે જ ખાવાની કહી હતી...!!

## ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ખાતે નવી પોસ્ટ ઓફિસ કાર્યરત

ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ અને તેના આજુબાજુના વિસ્તારમાં દિનપ્રતિદિન નવી નવી વસાહતો, શાળાઓ, કોલેજો તેમજ સરકારી, અર્ધસરકારી તથા ખાનગી કચેરીઓના વધતા જતા વ્યાપને ધ્યાનમાં રાખીને ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદમાં ટપાલ વિભાગ દ્વારા ૩૧-૩-૧૬ના રોજ ખાતાકીય સબ પોસ્ટ ઓફિસ ખોલવામાં આવી છે પોસ્ટ ઓફીસનો સમય સવારના ૧૦થી સાંજના ૬ સુધીનો રહેશે.

## સિવિલની લીફટોમાં પાણી ભરાતા બંધ : દર્દીઓ હેરાન

ગાંધીનગર, તા.૧

ગાંધીનગરની કોરપોરેટ લુક ધરાવતી સિવિલ હોસ્પિટલમાં રોજ ધાંધિયા સામે આવે છે. હોસ્પિટલ બનાવવા પાછળ સરકારે કરોડો રુપીયા ખર્ચ કર્યો હોવા છતા સામાન્ય નાગરીકને રોજ દુવિધાનો સામનો કરવો પડી રહ્યો છે. નવા બિલ્ડીંગમાં આવેલ પાંચ લીફટમાં આંતરે દિવસે પાણી ભરાઈ જતા તંત્ર દ્વારા બંધ કરવામાં આવે છે. લીફટ બંધ થતા દર્દીઓ તેમજ સગાઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. સિવિલનો પીઆઈયુ વિભાગ જાણે કુંભકર્ણની નિંદ્રામાં હોય તેવું લાગી રહ્યું છે. હોસ્પિટલની લીફટોમાં પાણી ભરાઈ જવાની સમસ્યાનો ઝડપી ઉકેલ આવે તેવું સિવિલમાં આવતા લાભાર્થીઓ ઈચ્છી રહ્યા છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટના જુના સંકુલમાં ખાસ કરીને કોઈ સમસ્યા ઉદભવતી નથી ત્યારે તાજેતરમાં જ કરોડો રુપીયાના ખર્ચે તૈયાર થયેલી હોસ્પિટલમાં રોજ નીતનવા પ્રશ્નો સામે આવે છે. રાજયભરની સરકારી હોસ્પિટલોમાં દર્દીને યોગ્ય સારવાર મળે અને માળખાકીય સુવિધામાં વધારો કરવાના જયાંથી આદેશો છુટે છે ત્યાંથી થોડેક અંતરે આવેલી પાટનગરની સિવિલમાં સમસ્યાઓની ભરમાર છે. રાજયના છેવાળાના માનવી સુધી આરોગ્યલક્ષી વિવિધ યોજનાનો લાભ મળે અને પ્રજાને સારી સારવાર મળે તે અંગે આરોગ્ય વિભાગ દ્વારા સતત પ્રયત્નો થઈ રહ્યાં છે. ત્યારે ગાંધીનગર સિવિલના કોરપોરેટ લુક પાછળ સરકારે કરોડો રુપીયા ખર્ચ કર્યો હોવા છતા આમ નાગરીકને કેમ સરકારી સિવિલમાં આવું જ હોય તેવો અહેસાસ થાય છે. ગાંધીનગરની હોસ્પિટલમાં નવિ બિલ્ડીંગમાં આંતરે દિવસે લીફટો બંધ હોય છે. અત્યારના સમયે પણ લીફટ નં-૯ થી ૧૨માં પાણી ભરાઈ ગયું છે. જેમાં લીફટ નં - ૯, ૧૦ અને ૫ બંધ હાલતમાં છે. જયારે અન્ય લીફટોમાં પણ પાણી ભરાઈ હોવા છતા લીફટો કાર્યરત છે. તંત્રના સતાધિશો રોજ રાઉન્ડ મારતા હોય છે પરંતુ તેમના ધ્યાને સમસ્યા આવતી નથી કે શું... સિવિલમાં રોજ આંતરે દિવસે લીફટ બંધ હાલતમાં હોય છે.



અંતરંગ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ લીફટની દિવાલને અડીને ડ્રેનેજ લાઈન પસાર થાય છે અને આ લાઈનમાં લીકેજ હોવાથી પાણી લીફટમાં ભરાઈ જાય છે જેને લઈ લીફટ બંધ કરવી પડે છે . ડ્રેનેજ લાઈન અંગે પીઆઈયુ વિભાગમાં જાણ કરવામાં આવી હોવા છતા રીપેરીંગ કામ હાથ ધરાયું નથી. સિવિલમાં પીઆઈયુ વિભાગ કુંભકર્ણની નિંદ્રામાં હોય તેવું લાભાર્થીઓને લાગી રહ્યું છે. લીફટો બંધ થતા દર્દીઓ તેમજ સગાઓને પગથીયા ચડીને આવન જાવન કરવું પડે છે. લીફટો ઝડપી કાર્યરત થાય તેવું લાભાર્થી ઓ ઈચ્છી રહ્યા છે.

### ખૂણે ખાંચરેથી...

● ગુજરાત વહીવટીય સેવાના ૧૧ અધિકારીઓને આઈ.એ.એસ. તરીકે બઢતી આપવામાં આવી છે.

● આજે પંચાયતમાં કોંગીના પ્રદેશ આગેવાનો પંચાયત પ્રમુખના મહેમાન બન્યા હતા.

● ગાંધીનગરમાં વિધાનસભાનો રાજકીય ગરમાવો શાંત થયો છે પણ મનપાની ચૂંટણીનો રાજકીય ગરમાવો વધવા પામ્યો છે.

● ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીને લઈ ગાંધીનગર શહેરમાં ઈ-વોટ્ર્સને આકર્ષવા માટે તંત્ર દ્વારા જુદા જુદા સ્થળોએ બેનરો અને હોર્ડીંગ્સો લગાવાયા છે.

● ગાંધીનગરમાં રહેતા ભાજપના પાંચ જેટલા આગેવાનો છેલ્લા એક સપ્તાહમાં અંબાજીના દર્શને જતાં રાજકીય કૌતુક પાટનગરમાં ઉભુ થવા પામ્યું છે.

● ગાંધીનગર શહેરમાં રખડતા પશુઓની ફરિયાદો વધી રહી છે.

● રાજયના મુખ્ય સચિવશ્રીએ આજે વાયબ્રન્ટ-૧૭ના આયોજનને લઈ અધિકારીઓની બેઠક બોલાવી હતી.

## ભાજપના શાસનમાં ગાંધીનગરમાં જ લૂંટ અને ગોળીબારના ભયનું વાતાવરણ : નિશીત વ્યાસ

ગાંધીનગર, તા. ૧

સબ સલામતની બુમો પાડતી ભાજપ સરકારના શાસનમાં રાજયનું પાટનગર ગાંધીનગરમાં પણ ખુલ્લેઆમ પાંચ લાખની લૂંટ અને ગોળીબાર દ્વારા ભયનું વાતાવરણ ઉભુ થયું છે ત્યારે રાજયના મુખ્યમંત્રી ગાંધીનગરને વાઈ ફાઈ અને હાઈ ફાઈ ને બદલે નાગરિકોને સલામતી પુરી પાડે તેવી માંગ કરતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી અને પ્રવક્તા નિશિત વ્યાસે જણાવ્યું હતું કે, ગાંધીનગરમાં છેલ્લા એક અઠવાડીયામાં લાખ્ખો રૂપિયાની લૂંટ અને ગોળીબારની ઘટનાથી પાટનગરવાસીઓમાં ભયનું વાતાવરણ ઉભું થયું છે. જે વિસ્તારમાં પાંચ લાખ રૂપિયાની ધોડેદહાડે લૂંટ થઈ છે. તે વિસ્તારમાં દશ કરતાં વધુ રાષ્ટ્રીયકૃત બેન્કો આવેલી છે. જે રીતે લૂંટ અને ગોળીબારની ઘટના બની છે. તે વિસ્તારમાં સવારે ૧૦થી સાંજે ૪ કલાક સુધીમાં લાખો રૂપિયાની લેતી દેતી માટે ગ્રાહકોનો બેન્કમાં ઘસારો હોય છે. સામાન્ય નાગરિકોને સાંજે ૭-૦૦ પછી બહાર નીકળવાનું પણ મુશ્કેલ બની ગયું છે.

રાજયના પાટનગરમાં છેલ્લા ઘણા સમયથી જે ઘટનાઓ બની રહી છે. તેના પરથી સ્પષ્ટ થાય છે કે ભાજપ સરકારના મંત્રીઓને પોતાની સલામતની ચિંતા વધુ છે પરંતુ પાટનગરમાં વસતા ભાઈ બહેનો અને બાળકોની સલામતી રામભરોસે છોડી દેવામાં આવે છે. ગાંધીનગરમાં ટ્રાફિકની સમસ્યા ઘણી વિકટ બની રહી છે. સ્તાનિક પોલીસ સ્ટાફમાં કર્મચારીઓની અછત છે અને જે કર્મચારીઓ ફરજ પર છે તે મોટે ભાગે મુખ્યમંત્રી, મંત્રીઓ અને સચિવાલયની આગતા સ્વાગતા અને સુરક્ષામાં વ્યસ્ત રહે છે. પરિણામે નાગરિકોની સલામતી માટે પોલીસ તંત્ર પાસે સમય રહેતો નથી. પાટનગર ગાંધીનગરમાં લૂંટ, ચોરી, ધાડ, ખુન, મારામારી, છેડતી જેવા બનાવોમાં દિન પ્રતિદિન વધારો થઈ રહ્યો છે. ત્યારે રાજય સરકાર ગાંધીનગરવાસીઓની સુરક્ષા માટે ચિંતીત અને જાગૃત બને તે અત્યંત જરૂરી છે.

## ફેકલ્ટી ઓફ એજયુકેશન દ્વારા શિક્ષણ સાથે રોજગાર

કડી સર્વવિશ્વ વિદ્યાલય સંલગ્ન ફેકલ્ટી ઓફ એજયુકેશનમાં બી.એડ.એમ.એડ., એમ.એ. ઈન એજયુકેશન, એમ.ફીલ. તેમજ પીએચડીના અભ્યાસક્રમ ચાલે છે. ચાલુ વર્ષથી બી.એડ.નો અભ્યાસક્રમ બે વર્ષનો થયો છે આ અભ્યાસક્રમના ભાગ રૂપે બી.એડ.ના તાલીમાર્થીઓએ સમગ્ર ત્રીજું સત્ર શાળામાં ઈન્ટર્નશીપ માટે જવાનું હોય છે. કોલેજ દ્વારા અર્ન વાઈલ યુ લર્ન કાર્યક્રમ અંતર્ગત પેઈડ ઈન્ટર્નશીપ અપાવવાનો અનેરો પ્રયાસ હાથ ધરવામાં આવ્યો છે. જેમાં આજ દિન સુધી ૩૩ તાલીમાર્થીઓને ઈન્ટર્નશીપ અપાવવામાં આવી છે. જેમાં મહત્તમ સ્ટાઈપેડ માસિક રૂપિયા ૩૨૦૦૦નું મળેલ છે, જે ગર્વની બાબત છે. ફેકલ્ટી ઓફ એજયુકેશનના ડીન પ્રો. વીણાબેન પટેલના માર્ગદર્શન નીચે પ્લેસમેન્ટ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

## ચિલોડા ખાતે સુવર્ણકારોના એક્સાઈઝ ડ્યુટીના વિરોધમાં ધરણાં

ચિલોડા, તા. ૧

ગાંધીનગર જિલ્લાના સુવર્ણકાર એસોસિએશને છેલ્લા ૩૧ દિવસથી પોતાના ધંધા-રોજગાર બંધ રાખી એક્સાઈઝ ડ્યુટીના વિરોધમાં મક્કમપણે રણટંકાર કર્યો છે. સુવર્ણકારોના આ રણટંકારથી તેમના સહિત અન્ય રોજગારોને પણ માઠી અસર પહોંચી છે. સરકારના નિર્ણય સામે અસંતોષ વધતો જાય છે ત્યારે આ મુદ્દે ચિલોડા ખાતે ધરણાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

કેન્દ્ર સરકાર દ્વારા રાષ્ટ્રીય અંદાજપત્રમાં સોનાના દાગીના પર એક્સાઈઝ ડ્યુટી લગાવવા ઉપરાંત સોનાની ૨ લાખની રોકડ ખરીદી પર પાનકાર્ડ ફરજિયાત કરવાના મુદ્દે સુવર્ણકારોનો વિરોધ ફાટી નિકળ્યો છે. જિલ્લાના સુવર્ણકાર એસોસિએશન દ્વારા તાજેતરમાં ચિલોડા ખાતે ૩૦૦થી વધુ સુવર્ણકારોની એક બેઠક મળી હતી. જોકે ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીઓની જાહેરાતના પગલે આચારસંહિતા લાગુ પડતા સે. ૨૧, સે. ૨૪ અને પેથાપુરના સુવર્ણકારોને ધરણાના કાર્યક્રમની મંજૂરી મળી નહોતી. છેવટે સુવર્ણકારોએ ચિલોડાના સાદરા-ગાંધીનગર માર્ગ પર ધરણાનો કાર્યક્રમ યોજી એક્સાઈઝ ડ્યુટીનો સખત વિરોધ પ્રદર્શિત કર્યો હતો.



(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

## ગુજરાત શિક્ષણ ટ્રીબ્યુનલ સમિતિના સભ્યપદે એ.એસ. પટેલની નિમણુંક

ગાંધીનગર, તા.૧

રાજયના શિક્ષણ વિભાગ દ્વારા શિક્ષણ એજયુકેશન ઈન્સ્ટીટયુટ સેવા ટ્રીબ્યુનલ એક્ટ ૨૦૦૬ મુજબ ટ્રીબ્યુનલ સમિતિમાં નિવૃત્ત (આઈ.એ.એસ.) શ્રી એ.એસ. પટેલની સભ્યપદે નિમણુંક કરવામાં આવી હોવાનું શિક્ષણ વિભાગે જણાવ્યું છે.



ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ પદાધિકારીશ્રીઓની વરણીમાં ગાંધીનગર જિલ્લાના પ્રભારીશ્રી રમણસિંહ સોલંકીની પુનઃ પ્રદેશ મંત્રી તરીકેની નિમણુંક થતા ગાંધીનગર જિલ્લાના સે-૨૧ 'શ્રી કમલમ્' ખાતે તેમના સ્વાગત કાર્યક્રમનું આયોજન કર્યું હતું. તસવીરમાં રમણસિંહ સોલંકી, જિલ્લા ભાજપા પ્રમુખશ્રી નૈલેષભાઈ જે. શાહ, મહામંત્રીશ્રીઓ આઈ.બી. વાઘેલા, અનિલભાઈ પટેલ, નાથુભાઈ ચૌધરી અને ગાંધીનગર તાલુકા પ્રમુખશ્રી જશુભાઈ પટેલ, પૂર્વ મહામંત્રીશ્રી નરેન્દ્રસિંહ ઝાલા, ધારાસભ્યશ્રી અશોકભાઈ પટેલ અને ગાંધીનગર મહાનગરના પ્રમુખ મહેન્દ્રભાઈ પટેલ તથા પૂર્વ મેયર એમ.એમ. રાણા સ્વાગત કાર્યક્રમમાં હાજર રહ્યા હતાં.

## "કેગ" મુજબ ભાજપની સરકાર ભ્રષ્ટાચારમાં ગતિશીલ છતાં લાજવાને બદલે ગાજે છે : ડૉ. હિમાંશુ પટેલ

ગાંધીનગર, તા. ૧

ગુજરાત વિધાનસભામાં છેલ્લા દિવસે રજૂ થયેલા 'કેગ'ના અહેવાલે ગતિશીલ સરકારની પોલ ખોલી નાખી છે. ગુજરાતમાં ભાજપ સરકાર તેમજ તેમનું ગુજરાત મોડેલ લગભગ તમામ ક્ષેત્રે સદંતર નિષ્ફળ નિવડ્યું હોવાના 'કેગ'ના જુદા જુદા અહેવાલોએ પ્રજાની આંખ ખોલી નાંખી છે ત્યારે રાજ્યના મુખ્યમંત્રી આનંદીબેન પટેલે નૈતિકતાના ધોરણે પોતાના નિષ્ફળતા સ્વીકારી મુખ્યમંત્રી પદેથી તાત્કાલિક રાજીનામુ આપવું જોઈએ તેવી માંગ સાથે કોંગ્રેસના પ્રદેશ પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં 'ભ્રષ્ટાચારનો ભયંકર વિકાસ' છતાં લાજવાને બદલે ભાજપના સત્તાધીશો ગાજી રહ્યાં છે જે દુઃખદ છે. ગુજરાત રાજ્યના પ્રાણ પ્રશ્નો તેમજ પ્રજાની સમસ્યાઓનો ઉકેલ લાવવામાંથી દૂર ભાગતી ભાજપ સરકારે ગુજરાત વિધાનસભામાં 'કેગ' નો અહેવાલ છેલ્લા દિવસે રજુ કર્યો એજ ભાજપ સરકારની નિષ્ફળતા દર્શાવે છે.

'કેગ'ના અહેવાલે ભાજપ સરકાર અને તેનુ ગુજરાત મોડેલ અનેકવિધ ક્ષેત્રે સદંતર નિષ્ફળ નિવડ્યું હોવાની પોલ ખોલી નાંખી છે. ગુજરાત વિધાનસભામાં 'કેગ'ના અહેવાલ પર ચર્ચાથી દૂર ભાગતી ભાજપ સરકારે હવે પ્રજાની લોકઅદાલતમાં જવાબ આપવાનો વારો આવ્યો છે. 'કેગ' ના અહેવાલમાં જણાવ્યા પ્રમાણે આરોગ્ય ક્ષેત્રે છેલ્લા પાંચ વર્ષમાં સમગ્ર આરોગ્ય તંત્ર કથળેલુ જોવા મળ્યું છે. ભ્રામક અને પોકળ જાહેરાતો કરતી ભાજપ સરકારની રાજમાં આરોગ્ય ક્ષેત્રે ડૉક્ટરોની ૭૭ ટકા જેટલી ઘટ, પથારીની ૭૩ ટકા જેટલી ઘટ તેમજ આવશ્યક દવાઓ હલકી ગુણવત્તાવાળી આપવામાં આવી હોવાનું જણાવાયું છે.

આ ઉપરાંત મોટા ભાગના દર્દીઓને બહારથી દવાઓ ખરીદવી પડે છે. તો બાળરોગ અને સ્ત્રીરોગ નિષ્ણાંત ડૉક્ટરો, નર્સ અને વહીવટી સ્ટાફની જગ્યાઓ ૫૮ ટકા સુધી ખાલી છે. કેગે ભલામણ કરી હોવા છતાં આરોગ્ય ક્ષેત્રે ગુણવત્તાયુક્ત સેવા આપવા માટે દર બે-ત્રણ વર્ષે ડૉક્ટર અને સ્ટાફની નિયમિત ભરતી કરવા તેમજ પથારી વધારવાનો અમલ ન કરીને ભાજપ સરકાર ગુજરાતની પ્રજાને અન્યાય કરી રહી છે.

રોજગારી ક્ષેત્રે નં. ૧ હોવાનો દાવો કરતી આ ભાજપ સરકાર દ્વારા સ્કીલ ડેવલોપમેન્ટ યોજના હેઠળ ૨૦૦ કૌશલ્ય સુધારણા કેન્દ્રો શરૂ કરવાનો લક્ષ્યાંક રખાયો હતો તેની સામે છેલ્લા ૬ વર્ષમાં માત્ર ૩૯ જ કેન્દ્રો સ્થાપિત કરી શકાયા છે. જેના પરિણામે માત્ર ૧૪ હજાર ઉમેદવારોને જ તાલીમ આપી શકાઈ છે. આ કેન્દ્રોમાં રાજ્ય સરકારે કોઈ એક સમાન નીતિ ઘડી નહી હોવાથી તાલીમ અને રોજગારી આપવામાં સરકાર સંપૂર્ણ નિષ્ફળ નિવડી છે. પરિણામે આ નિષ્ફળતા છુપાવવા એક કરતા વધારે કોર્ષ કરનાર ૧.૮૭ લાખ તાલીમાર્થીઓની સંખ્યાને ૫.૩૪ લાખ તરીકે ખોટા દર્શાવી ભાજપ સરકારે ખોટી રીતે પ્રસિદ્ધિ મેળવવાનો હિન્ન પ્રયાસ કરી રહી છે.

## યુવાન બાઈક પર બેસી ગયો ને દિવાસળી ચાંપી દીધી

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર નજીક પુન્દ્રાસણ સર્કલ પાસે આજે સવારે વિચિત્ર ઘટના બનવા પામી હતી. એક અમદાવાદના યુવાને પોતાનું બાઈક રોડની સાઈડમાં પાર્ક કર્યું અને બાઈક પર બેસી ગયો..! ત્યાર બાદ પેટ્રોલની ટાંકી ખોલીને અંદર દિવાસળી સળગાવીને નાંખી દેતા બાઈક સાથે પોતે પણ ભડભડ સળગી ઉઠયો હતો. ગંભીર રીતે દાઝી ગયેલી હાલતમાં યુવાનને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવાયો હતો. પરંતુ હાલત ગંભીર જણાતા અમદાવાદ ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો. પેથાપુર પોલીસે તપાસ કરતા જાણવા મળ્યું છે કે આ યુવાનને અમદાવાદમાં બે મેડીકલ સ્ટોર્સ છે અને દેવું વધી જતા આપઘાતનો પ્રયાસ કર્યો હતો.